# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/ક્વા-૦૧/૨૦૨૦-૨૧/૭૧ તા.૦૯/૧૦/૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૬/ક્વા-૦૧/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ભાવેશ ગોવિંદભાઇ સાકરિયા ગામ – ગોલણીયા

સબડીવીઝન: કાલાવડ પશ્ચિમ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર ગ્રામ્ય

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જામનગર

તારીખ: શુક્રવાર (૧૮.૦૯.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૦૯.૨૦ (શુક્રવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો બિન ખેતી રેહણાક પ્લોટ જે જશાપર ગામના રહેઠાણ સર્વે નં. માં આવેલ છે.જેનું નામ જાનબાઈ રેસિડેન્સી થી ઓડખાય છે.તે બિન ખેતી માં અમોએ ટેમ્પરરી લાઈટ કનેક્શન મેળવેલ હતું તેને થતી ફી ભરેલ હતી તેમજ અમોની પાસેથી રૂપિયા

30000/- જેવી માતબર રકમ ડિપોઝિટ પેટે ભરવા કહેલી હતી જે રકમ અમોએ પહોંચ નંબર P L ૨૨૬૪૮૭ થી તારીખ 24. 8. 2012 ના રોજ ભરપાઈ કરેલ હતી અને કનેક્શન કેન્સલ કરીએ આ રકમ તમને પાછી મળી જશે તેવું આશ્વાસન આપ્યું હતું.તેમજ કનેક્શન લેતી વખતે ૩ પોલ અમો ના ખર્ચે ખરીદ કરી અમારા ખર્ચે મજૂરીકામ થી નખાવેલ હતા ત્યારબાદ કનેક્શન તથા ટીસી અમોને આપેલ હતું ટેમ્પરરી કનેક્શન કાઢતી વખતે અમોને જાણ કર્યા વગર કનેક્શન કાપી નાખેલ તથા ટીસી કાઢી ગયેલ હતા તથા અમારા ખર્ચે ખરીદ કરેલ પોલ કાઢી ગયા જે અમોએ સ્વખર્ચે ફીટ કરાવેલા હતા જે ટીસી તથા પોલ નો અમોએ કાયમી લાઈટ કનેક્શન માટે ઉપયોગ કરવાનો હતો. અમોએ ભરેલી ડિપોઝીટ પણ પરત કરેલ નથી અમોએ આ અમારી ડિપોઝિટની વારંવાર માંગણી કરેલ છતાં આજદિન સુધી તેમાં કાર્યવાહી કરવામાં આવેલ નથી અમોની ડિપોઝિટની રકમ તથા તેનું આજદિન સુધી નું વ્યાજ તથા અમારા ખર્ચે નાંખવામાં આવેલ પોલ ની રકમ અમો ને વ્યાજ સહિત આપવા અમારી માગણી છે. અમો ની અરજી અન્વયે આપ સાહેબ શ્રી તરફથી યોગ્ય પગલા લેવામાં આવે તેવી અમો અરજદારશ્રી ની રજૂઆત છે અમોને ગોલણીયા ગામ ની ખેતીની જમીનમાં કનેક્શન પાસ થઈ ગયેલ હોવા છતાં દંડ કરી અમો ને હેરાન પરેશાન કરવામાં આવી રહેલ છે તથા અમારા પિતા ધુતારપર ગામની ખેતીની જમીનમાં આજ દિન સુધી મીટર મૂકવામાં આવેલ નથી જીઈબી આ બધું જાણી જોઈને અમારા ઉપર અત્યાચાર ગુજારે છે અમોને આપ સાહેબતરફથી પગલાં લઇ અમો ની બાકી નીકળતી રકમ તથા અમો ઉપર કરવામાં આવેલ અત્યાચાર નો માતબર રકમ થી બદલો અપાવવા અમો અરજદારશ્રી ની માનસર નમ્ર અરજ છે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી ની મૌખીક તેમજ લેખીત રજૂઆત મુજબ શ્રી ભાવેશ ગોવિંદભાઇ સાકરિયા ગામ – ગોલણીયા ના નામે સીજીઆરએફ માં ફરિયાદ કરેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

3.૧

| | | |
|---|---|---|
| મૂળ અરજી કરનાર નું નામ | : | શ્રી ભાવેશ ગોવિંદભાઇ સાકરિયા ગામ – ગોલણીયા |
| જોડાણની વિગત | : | 3-ફેઈઝ (૬ કી.વો.) હંગામી જોડાણ (સીએલ) |
| અંદાજપત્ર આપ્યા તારીખ | : | જા.નં. ૬૯૧૯ તા.૨૩/૦૮/૨૦૧૨ |
| અંદાજપત્ર ભર્યા તારીખ | : | ૨૪/૦૮/૨૦૨૦ ના રોજ પહોચ નં. PI ૨૨૬૪૮થી રૂ. 30,000/- ભરેલ |
| લાઈનકામની વિગત | : | ૫૦ મીટર એચ.ટી. લાઈનતથા ૧૦ કેવીએ ટીસી |
| સર્વે નંબરમાં માંગણી | : | ૨૨૬/૨/પૈકી-૨ ગામ: જશાપર,તા: કાલાવડ,જી: જામનગર |
| વીજ કનેક્શન ચાલુ કર્યા તારીખ | : | 03/0૯/૨૦૧૨ |
| વીજ કનેક્શન છોડાવ્યા તારીખ | : | ૧૨/૧૨/૨૦૧૪ |

| | | |
|---|---|---|
| કુલ વીજ બીલની રકમ | : | રૂ. ૨૦,૨૧૭/- (ગ્રાહકશ્રી ના લેજર મુજબ) |
| કુલ વીજ બીલ ભર્યા ની રકમ | : | રૂ. ૧૩,૫૨૦/- (ગ્રાહકશ્રી ના લેજર મુજબ) |
| વીજ બીલ પેટે બાકી રકમ | : | રૂ. ૬,૬૯૭/- |
| હંગામી જોડાણ ના ફાઇનલ બીલની વિગત | | |
| મટીરિયલ પરના ઘસારાંની રકમ | : | રૂ. ૧૨,૪૩૬/- |
| લેબર ચાર્જની રકમ | : | રૂ. ૪,૯૩૬/- |
| ૧૫% સુપરવીઝન ચાર્જ | : | રૂ. ૨,૬૦૬/- |
| કુલ | : | રૂ. ૧૯,૯૭૬/- |

-ઉપરોક્ત માહિતી મુજબની ગ્રાહક પાસે થી કુલ વસૂલવા પાત્ર રકમ રૂ.૬,૬૯૭ +૧૯,૯૭૬ =૨૬,૬૭૩ થાય છે.

૩.૨ સદર અરજદારશ્રી એ વીજ વપરાશના બીલ ભરપાઈ ન કરતાં કાલાવડ વેસ્ટ પેટા વિભાગીય કચેરી દ્વારા નં.કેએલડી/વે/રેવ/૧૩૫૧ તા.૦૧-૦૩-૨૦૧૩ ના રોજ સદર હંગામી વીજ જોડાણ કાપી નાખવા માટેનો મેમો ઈસ્યુ કરેલ હતો. પરંતુ કાલાવડ વેસ્ટ પેટા વિભાગીય કચેરી ના ટેકનીકલ સ્ટાફ સદર કામગીરી માટે જતાં સદર પ્રીમાઈસિસ બંધ હોય માટે તે સમયે મીટર ઉતારી શકેલ ન હતું.આમ પાછળ થી સદર અરજદરશ્રી ની તપાસ કરતાં તેનો સંપર્ક કરીને સદર પ્રીમાઈસિસ ખોલાવીને મીટર તથા તેની સાથેનું મટીરિયલ તા. ૧૨-૧૨-૨૦૧૪ ના રોજ ઉતારી ગેટપાસ નં. ૦૧૨૬૫૦ થી જમા કરાવેલ હતું.

૩.૪ આમ સદર હંગામી વીજ જોડાણ ખાતે અરજદરશ્રી દ્વારા ભરવામાં આવેલ ડિપોઝિટની રકમ રૂ. ૩૦,૦૦૦/- ની સામે સદર હંગામી જોડાણમાં બાકી વીજ વપરાશ તથા ફાઇનલ બીલની રકમ સાથે રૂ.૨૬,૬૭૩/- વસૂલવા પાત્ર થાય છે. માટે સદર અરજદારશ્રી એ ભરેલ રકમ સદર બાકી રકમ સામે એડજેસ્ટ કરતાં વધારાની રકમ (રૂ.૩૦,૦૦૦-૨૬,૬૭૩)=રૂ. ૩૩૨૭/- રીફંડ આપવા પાત્ર થાય છે. વધુમાં આપ સાહેબ ને જનવ્વાણું કે ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર હેઠળની ઈસ્ટ પેટા વિભાગીય કચેરી કાલવડે સદર ગ્રાહક પાસેથી પાવર ચોરીની રકમ રૂ.૩૩૮૦૯/- તેમજ કમ્પાઉડીંગ રકમ રૂ. ૯૦૦૦/- મળીને રૂ. ૪૨૮૦૯/- વસુલવા પાત્ર થાય છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા સદર કેશમાં જે ટેમ્પરરી કનેક્શન માટે ની સિક્યોરિટી ડિપોઝિટ પરત આપવા માટે,અન્ય કનેક્શન માં લેણું બાકી રેહતું હોય તેથી આ ડિપોઝિટ પરત કરેલ નથી.

૪.૨ અરજદારશ્રી ની રજૂઆત પ્રમાણે સદર કેશ માં કંપની નું લેણું વસુલ કરી બાકી નિકડતી રકમ અરજદારશ્રી ને પરત આપવા માટે અત્રે ફોરમ દ્વારા હુકમ આપવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯